ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૨૩/૧૮-૧૯/ 4129 તારીખ: 15 SEP 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી હિંમતભાઈ ધનજીભાઈ પંડયા,
અને અન્યો,
ગામ: ઘાટરવાળા, તા.તળાજા,
જી.ભાવનગર.

**કેસ નં.: ૨૩/૧૮-૧૯**

**વિષય: જુના પોલ કાઢવા બાબત.**

**સંદર્ભ:** (૧) આપનો પત્ર તા.૨૪-૦૪-૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૩/૧૮-૧૯/૧૯૬૦ તા.૦૨/૦૫/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૩/૧૮-૧૯/૩૮૨૭ તા.૨૭/૦૮/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૭/૦૯/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, બગદાણા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૩/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી હિંમતભાઈ ધનજીભાઈ પંડયા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:– ૦૭/૦૯/૨૦૧૮ ◈

હાજર રહયા :– શ્રી હિંમતભાઈ ધનજીભાઈ પંડયા તથા અન્ય.

પ્રતિવાદી :– શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી હિંમતભાઈ ધનજીભાઈ પંડયા, મુ.ઘાટરવાળા, તા.તળાજા, જી.ભાવનગર ની જુના પોલ કાઢવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૩ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૨૩/ ૧૮–૧૯/ ૧૯૬૦ તા.૦૨/૦૫/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૭/૦૯/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે તથા અન્ય હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત**:– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર હિમતભાઈ ધનજીભાઈ પંડ્યા તળાજા તાલુકાના ઘાટરવાડા ગામે રહીએ છીએ.
અમારી ખેતીવાડી ઘાટરવાડા ગામની સીમમાં મારા પિતાજીના નામથી ચાલે છે.
અમારી જમીનમાં અમારી જૂની એલ.ટી.લાઈન આવેલ હતી તે ફીડર થવાથી હવે ૧૧ કે.વી.લાઈન કરેલ છે.

૧.૨ ત્યારબાદ વધેલ એલ.ટી.પોલ દરેક ખેડૂતની વાડીયે ઉભેલ હોય તે દરેક ખેડૂતની વાડીયેથી કાઢી નાખવા જોઈએ.તેના બદલે અમારી વાડીયેથી પોલ કાઢી બીજા ખેડૂત ની વાડીયે પોલ લઈ ગયેલ છે.જે ખેડૂત દ્વારા હેલ્પરને પૈસા આપેલ છે તે ખેડૂતની વાડીયે થી પોલ કાઢી અને તેમના ઘરે અથવા બીજી તેમની વાડીયે જુના પોલ નાખેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ વિશેષમાં જણાવવાનું કે અરજદારોને જાણ કર્યા વિના અમારા પોલ કાઢી કોઈપણ પ્રકારની જાણ વિના બીજા ખેડૂતોને આપેલ છે.અમોને તેની જાણ થતા અમો હેલ્પર ડાભી ભાઈને મળેલ અને તેને આ વાત જણાવેલ તો તેણે અમારી સાથે ઉધ્ધાઈ ભર્યું વર્તન કરેલ ,અમારી વાડીયેથી પોલ લેવા રાળગોન ગામના શ્રી સુરેશભાઈ જીવરાજભાઈ ભટ્ટનુ ટ્રેક્ટર આવેલ અને અમારી વાડીયેથી પોલ લઇને બારૈયા મકનભાઈ ત્રિભોવનભાઈ ની વાડીયે નાખેલ છે.આવા બીજા ઘણા કામો ડાભી સાહેબે કર્યા હશે.અમોને કોઈપણ જાતનો જવાબ આપતા નથી.તેમજ બેલડા ગામેથી મંગાવી પોલ વેચવાનો ધંધો કરે છે.

૧.૪ અમારા દ્વારા નાયબ ઈજનેર બગદાણા ને મળતા તેમના દ્વારા જણાવેલ કે જુના પોલ સાથે અમારે કઈ લેવાદેવા નથી.અને તમારા પોલ જેમની વાડીમાં નાખેલ છે તેમના દ્વારા અંદાજપત્ર ભરપાઈ કરેલ છે તેથી તેમને જ આપી દેવા અને તમને કોઈ અન્યાય થાય તો તમારી રીતે કાર્યવાહી કરશો.

૧.૫ ઉપરોક્ત બાબતે અને સંદર્ભે આપ સાહેબને જણાવવાનું કે અમારા પોલ અમોને પરત મળી જાય અને અમને કોઈપણ જાતનો અન્યાય ન થાય તેવું કરવા વિનંતી છે.જેમ બીજા ખેડૂતોને પોલ મળેલ છે તેમ અમોને પણ પોલ મળી જાય એવી અમારી અરજ છે.તો આ અંગે આપ સાહેબ યોગ્ય કરી અમોને અમારા પોલ પરત અપાવવા વિનંતી છે.

☛ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ- તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ સદર અરજદાર હિમતભાઈ ધનજીભાઈ પંડ્યા તળાજા તાલુકાના ઘાટરવાડા ગામે રહે છે. સદર અરજદારની રજૂઆત એવી છે કે તેમની વાડીયે જાલ્વદર ખેતીવાડી ફીડર માં અલગ ટી.સી.કરવાની કામગીરી પી.જી.વી.સી.એલ.દ્વારા હાથ ધરવામાં આવેલ છે તેના અનુસંધાને એલ.ટી.લાઇન માંથી ૧૧કે.વી.લાઇન ઉભી કરવામાં આવેલ છે અને વાડીયે વાડીયે અલગ ટી.સી.મુકવામાં આવેલ છે તેવા સંજોગોમાં પી.જી.વી.સી.એલ.કંપનીના ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ એલ.એમ.ડાભી દ્વારા અમુક લોકો ની વાડીયેથી જુના એલ.ટી.લાઈનના નેકેટપોલ કઢાવેલ છે અને તેમના જાણીતા લોકો ની વાડીયેથી એલ.ટી.લાઈનના નેકેટ પોલ કઢાવેલ નથી અરજદારના જણાવ્યા મુજબ તેમની વાડીયેથી તેમને જાણ કર્યા વગર એલ.ટી.લાઈનના નેકેટ પોલ કાઢી અન્ય જગ્યાએ લઈ ગયેલ છે.

૨.૨ સદર અરજદારની આવી ફરિયાદ અનુસંધાને બગદાણા પેટાવિભાગીય કચેરીના લાઈનમેન શ્રી એચ.એ.મહેતાનું, આસીસ્ટન્ટ લાઈનમેન શ્રી એસ.એલ.માલકીયા નું તા:૨.૮.૨૦૧૮ નાં રોજ નાયબ ઈજનેર બગદાણા ની રૂબરૂમાં નિવેદન લેવામાં આવેલ છે, તેમજ જેની વિરુધમાં અરજદારની રજૂઆત છે તે એલ.એમ.ડાભી ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટનું પણ નિવેદન લેવામાં આવેલ છે.

૨.૩ કંપનીના નિયમોનુસાર જયારે કોઈ કામગીરી પૂર્ણ થયે સ્થળ પરથી જુનું મટીરિયલ ડિવિજન સ્ટોરમાં જમા કરાવવામાં આવે છે પરંતુ જુના નેકેટ પોલ સ્થળ પર જ ઉભેલ હોઈ છે સામાન્ય સંજોગોમાં કંપનીના નિયમાનુસાર જયારે કોઈ અરજદાર દ્વારા પેટાવિભાગીય કચેરીમાં ભાંગેલ પોલનો ચાર્જ ભરપાઈ ત્યારબાદ તેને ભાંગેલ પોલ આપવામાં આવતા હોય છે સદર અરજદાર દ્વારા તેમની ફરિયાદમાં જણાવેલ છે કે તેમના જુના પોલ તેમને પરત મળી જાય જે તેમની દલીલ કંપનીના કાયદાની તદન વિરુદ્ધ છે.સ્થળ પર ઉભેલ જુના કોઈપણ પોલ કંપનીની માલિકીના જ હોય છે નહિ કે ગ્રાહકની માલિકીના અને જયારે કંપનીને નઝીક નાં કોઈપણ સ્થળ ઉપર પોલની જરૂરિયાત હોઈ તો તે જુના પોલ નો ઉપયોગ કરી શકે છે.

૨.૪ શ્રી એચ.એ.મહેતાનું તા:૨.૮.૨૦૧૮ નાં રોજ નિવેદન લેતા તેઓ તેમના નિવેદનમાં જણાવે છે કે તેઓ તેઓ એલ.એમ.ડાભી ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટને છેલ્લા બે વર્ષથી ઓળખે છે સદર વ્યક્તિ વિરુધ્ધ ભૂતકાળમાં કોઈપણ ફરજમાં બેદરકારી કે ગેરરીતી બાબતે પૂછતાં તેઓ જણાવે છે કે જેઓ જ્યારથી તેમને ઓળખે છે ત્યારથી તેઓ નિષ્ઠાપૂર્વક તેમની ફરજ બજાવે છે, ફરિયાદી શ્રી હિમંતભાઈ ધનજીભાઈ પંડ્યા ગામ:ઘાટરવાડા દ્વારા એલ.એમ.ડાભી ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ વિરુદ્ધ ની ફરિયાદ બાબતે તેમનું મંતવ્ય પૂછતાં તેઓ જણાવે છે કે તેમની જાણમાં છે ત્યાં



Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

સુધી બગદાણા પેટાવિભાગીય કચેરી દ્વારા જાલવદર ખેતીવાડી ફીડર HVDS સ્કીમ નીચે અલગ ટી.સી.મુકવાની કામગીરી થયેલ છે તે સમયે ઘાટરવાળાગામની ખેતીવાડીમાં એલ.ટી.લાઈન ગ્રુપ ટી.સી.ઉતારી તેની જગ્યાએ અલગ અલગ ટી.સી.દરેક વાડીયે મુકવામાં આવેલ છે તેથી તેમની વાડીયે ૧૧ કે.વી.લાઈન ઉભી થયેલ હોઈ તેથી અમુક જૂની એલ.ટી.નાં પોલ નેકેટ ઉભેલ હોઈ તે સ્વભાવિક છે જે તે સમયે બગદાણા પેટાવિભાગીય કચેરીમાં નવા પોલ આવેલ ન હોઈ અને અમુક ગામમાં JGY ફીડરનાં પોલ પડી ગયેલ હોઈ તેથી તેથી ત્યાં તાત્કાલિક પોલ બદલી પાવર સપ્લાય ચાલુ કરવો જરૂરી હોઈ તેથી ઘાટરવાડા ગામની ખેતીવાડી વિસ્તારમાંથી એલ.ટી.નાં નેકેટ પોલ ત્યાંથી કઢાવી અન્ય જગ્યાએ તેનો ઉપયોગ કંપનીના હિતમાં કરેલ છે તે તેમની જાણમાં છે.

૨.૫ શ્રી એસ.એલ.માલકીયાનું તા:૨.૮.૨૦૧૮ નાં રોજ નિવેદન લેતા તેઓ જણાવે છે કે તેઓ ૧૯.૮.૨૦૧૫ થી બગદાણા પેટાવિભાગીય કચેરીમાં ફરજ બજાવે છે અને એલ.એમ.ડાભી ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટને તેઓ પણ બે વર્ષથી ઓળખે છે.તેમના ધ્યાને સદર વ્યક્તિ બાબતે બેદરકારી ની કોઈ ફરિયાદ ધ્યાને આવેલ નથી.તેમને સદર ફરિયાદ બાબતે પૂછતાં તેઓ પણ સદર પોલ એલ.એમ.ડાભી દ્વારા JGY ફીડરમાં ઉપયોગ કર્યાનું જણાવે છે.

૨.૬ સદર એલ.એમ.ડાભી ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ નાં સદર ફરિયાદ બાબતના જવાબી પત્ર માં તેઓ જણાવે છે કે જયારે જાલવદર ફીડર HVDS કરવામાં આવ્યું હતું ત્યારે તેની જૂની એલ.ટી.લાઈન ડીસમેંન્ટલ થયેલ હતી તેથી એલ.ટી.લાઈનના જુના પોલ બિનઉપયોગી ખેતરમાં ઉભા હતા તે સમયે છાપરી ગામમાં ૧૧કે.વી.ઘાટરવાડા JGY નાં પોલ ભાંગી ગયેલ હતા અને તે સમયે નવા પોલની વ્યવસ્થા ન હોવાના કારણે નઝીકનાં ઘાટરવાડા ગામની ખેતીવાડી વિસ્તારમાંથી એલ.ટી.નાં નેકેટ પોલ કઢાવી ઈમરજન્સીમાં વીજપુરવઠો ચાલુ કરાવેલ હતો. તેમના જણાવ્યા મુજબ ઘાટરવાડા ગામની ખેતીવાડી માંથી કુલ ૧૧ નેકેટપોલ કઢાવવામાં આવેલ હતા, જેમાંથી ૬ પોલ ભાંગી ગયેલ હતા જે ભાંગેલ પોલ બગદાણા પેટાવિભાગીય કચેરીમાં જમા કરાવેલ હતા તેમજ આખા નેકેટ પોલ ૫ પોલ કઢાવેલ તે નીચે મુજબના લોકેશન ઉપર કંપનીના હિતમાં ઉપયોગમાં લીધેલ છે.

૧.છાપરી ગામમાં દેવાયતભાઈ જીવાભાઈની દુકાન પાસે આવડમાંના રસ્તે ઉભો કરેલ છે.
૨.છાપરી ગામમાં ભોળાનાથના મંદિર પાસે ઉભો કરેલ છે.
૩.જૂની છાપરીથી નવી છાપરી વચ્ચે લાલુભા સરવૈયાના ઘર પાસે ઉભો કરાવેલ છે.
૪.ઠળિયા ગામમાં મુસેસ્લામ એ.રોય નાં ઘર પાસે ઉભો કરેલ છે.
૫.ઠળિયા થી બેલડા રોડ પર રીજ્વાનભાઈ રજબભાઈ નાં ટી.સી.પાસે ઉભો કરાવેલ છે.

ઉપરોક્ત બાબતો પરથી પ્રસ્થાપિત થાય છે કે એલ.એમ.ડાભી ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ દ્વારા કંપનીની હિતમાં કામગીરી કરેલ છે તેમની ફરજ માં કોઈ બેદરકારી દાખવેલ હોઈ તેવું પ્રસ્થાપિત થતું નથી. વિશેષમાં જુના પોલનો ઉપયોગ કંપનીની જરૂરિયાત અનુસાર અને સબડિવિજન નાં નાયબ ઈજનેરની સુચના અનુસાર કરવામાં આવેલ હોઈ અરજદારની ફરિયાદ અયોગ્ય છે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી શ્રી હીમતભાઈ ધનજીભાઈ પંડયા તેમજ બીજા ૩ અરજદારોએ ગામ ઘાટરવાળા માં તેની વાડીમાં ઉભા કરેલ થાંભલા પ્રતિવાદી ધ્વારા લઈ ગયા છે જે તેઓને પોતાના ઉપયોગ માટે આપવા જોઈએ તેવી રજુઆત કરેલ છે.

૩.૨ પ્રતિવાદીએ ફોરમને લેખીત રજુઆત કરેલ છે તે મુજબ ઘાટરવાળા ગામમાં જાલવદર ખેતીવાડી ફીડરનું એચવીડીએસ યોજનામાં કામ કરવાથી વાદીની વાડીમાંથી પસાર થતાં એલ.ટી.લાઈનનાં પોલ કાઢી નાખવામાં આવેલ અને વાદી અરજદારને એચવીડીએસ ફીડરમાંથી વીજ પુરવઠો આપવામાં આવેલ છે. આ પ્રક્રિયામાં જયા જરુર લાગે ત્યાં એલ.ટી.લાઈનનાં પોલ રીમુવ કરેલ છે અથવા તો તાંત્રિક રીતે જરુરી હોય તથા એલ.ટી. લાઈનનાં પોલ રીમુવ કરેલ છે અથવા તો તાંત્રિક રીતે જરુરી હોય તથા એલ.ટી.લાઈનનાં પોલનો ઉપયોગ કરી એચ.ટી. લાઈન કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૩ એચ.વી.ડી.એસ. ફીડરના કામની પ્રક્રિયામાં જુનો માલસામાન અને પોલ પીજીવીસીએલની માલીકીનાં છે જેનો ઉપયોગ પ્રતિવાદી ધ્વારા જરુર પડે ત્યાં પોલનો ઉપયોગ કરવામાં આવે છે જે વાદીની માલીકીનાં નથી, તેમજ પ્રતિવાદીએ વાદીની ફરીયાદ ઉપરથી જરુરી તપાસ પણ કરાવેલ છે.

૩.૪ વાદી અને પ્રતિવાદીની ફોરમ સમક્ષની રજુઆત ઉપરથી જણાય છે કે વાદીની રજુઆત જીઈઆરસી નાં નોટીફીકેશન નં.૨/૧૧ ના કલોઝ નં.૨.૩૦(૪) (ક–ખ–ગ) મુજબ વાદી ફોરમનો સંપર્ક કરવા હકદાર રહેતો નથી, આથી વાદીની અરજી રદ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં.૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :–૦૭/૦૯/૨૦૧૮

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar